## When will this new law apply?

**From 18 September 2006.**

Further regulations will come into force:

- from May 2008, all child restraints must comply with the **UN ECE 44.03** standard (or subsequent versions). Child seats to the 44.03 standard have been on sale for many years.

### Seat belt/child restraint wearing requirements from 18 September 06

| | Front Seat | Rear Seat | Who is Responsible? |
|---|---|---|---|
| **Driver** | Seat belt must be worn if fitted | | Driver |
| **Child under 3 years of age** | Correct child restraint must be used | Correct child restraint must be used. If one is not available in a taxi, may travel unrestrained | Driver |
| **Child from 3rd birthday up to 135 cms in height (or 12th birthday whichever they reach first)** | Correct child restraint must be used | Correct child restraint must be used where seat belts fitted. Must use adult belt in a rear seat if correct child restraint not available -<br>- in a taxi;<br>- for a short distance in an unexpected necessity;<br>- if two occupied child restraints prevent fitting a third. | Driver |
| **Child 12 or 13, or over 135 cms in height** | Seat belt must be worn if fitted | Seat belt must be worn if fitted | Driver |
| **Adult passengers** | Seat belt must be worn if fitted | Seat belt must be worn if fitted | Passenger |

**આ નવો કાયદો કયારે લાગુ પડશે?**
**૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૬ થી.**

બીજાં વિશેષ ધારાધોરણો અમલમાં આવનાર છે:
- મે ૨૦૦૮થી, બધાંજ ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટ્સ (બાળકોને સુરક્ષિત રીતે ગાડીમાં બેસાડવાનાં સાધનો જેમાં બેબી સીટ્સ, ચાઇલ્ડ સીટ્સ, બુસ્ટર સીટ્સ અને બુસ્ટર કુશન્સનો સમાવેશ થાય છે) UNECE 44.03 (અથવા ત્યાર પછીનાં) પ્રમાણભૂત સ્વરૂપોને અનુરુપ હોવાં જોઇએ. 44.03 ધોરણની ચાઇલ્ડ સીટ્સ (બાળકો માટેની બેઠકો) ઘણાં વર્ષોથી વેચાણમાં છે.

**૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૬ થી સીટ બેલ્ટ / ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટ પહેરવા અંગેની જરૂરિયાતો**

| | **આગલી બેઠક** | **પાછલી બેઠક** | **કોણ જવાબદાર છે?** |
|---|---|---|---|
| ડ્રાઇવર | જો ગાડીમાં બેસાડેલો હોય તો સીટ બેલ્ટ પહેરવો આવશ્યક છે | | ડ્રાઇવર |
| ૩ વર્ષથી ઓછી ઉંમરનું બાળક | યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે | યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે. જો કોઇ ટેક્ષીમાં એ ન હોય તો બાળક એના વિના મુસાફરી કરી શકે છે | ડ્રાઇવર |
| ૩ વર્ષથી લઇને ઊંચાઇમાં ૧૩૫ સેન્ટિમિટર સુધીનું થાય ત્યાં સુધીનું બાળક (અને ૧૨ વર્ષથી ઓછી ઉંમરનું) | યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે | જ્યાં સીટ બેલ્ટ બેસાડેલા હોય ત્યાં યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે. પુખ્તવયની વ્યક્તિના બેલ્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે જો:<br>- ટેક્ષીમાં, જો યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટ ઉપલબ્ધ ન હોય તો,<br>- ટૂંકી અને કોઇકવારની મુસાફરીમાં, જો યોગ્ય ચાઇલ્ડ રિસ્ટ્રેન્ટ ઉપલબ્ધ ન હોય તો,<br>- બે રોકાયેલાં ચાઇલ્ડ રિસ્ટ્રન્ટ્સ ત્રીજાને બેસાડવામાં રૂકાવટ ઊભી કરતાં હોય તો. | ડ્રાઇવર |
| ૧૨ કે ૧૩ વર્ષનું બાળક અથવા ઊંચાઇમાં ૧૩૫ સેન્ટિમિટરથી વધારે | જો ગાડીમાં બેસાડેલો હોય તો સીટ બેલ્ટ પહેરવો આવશ્યક છે | જો ગાડીમાં બેસાડેલો હોય તો સીટ બેલ્ટ પહેરવો આવશ્યક છે | ડ્રાઇવર |
| પુખ્તવયના મુસાફરો | જો ગાડીમાં બેસાડેલો હોય તો સીટ બેલ્ટ પહેરવો આવશ્યક છે | જો ગાડીમાં બેસાડેલો હોય તો સીટ બેલ્ટ પહેરવો આવશ્યક છે | મુસાફર |



**Child Car Seats – The New Law**
Gujarati Translation and Typesetting by courtesy of Mahek Translation Service, Bolton
E-mail: mts@mahek.co.uk Website: www.mahek.co.uk/mts